રાજકોટ  શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે.

## સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ માહે ૭/૨૦૨૧ ની સારી કામગીરી

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | Mobile Recover | ૧૫૯ | ૨૪૩૫૦૯૬ | કુલ ૧૫૯ મોબાઇલ કિંમત રૂ.૨૪૩૫૦૯૬/- ના મોબાઇલ રીકવર કરી પરત અરજદારોને સોપ્યા |
| ૨ | Social App. | ૬૧ | - | ચાલુ માસે સોસીયલ મીડીયાની અરજી અન્વયે ફેસબુક તેમજ અન્ય સોર્સ મારફતે માહિતી મેળવી અરજીનો રીપોર્ટ કરેલ છે. |
| 3 | Financial Fraud | ૦૫ | ૩૩૫૦૦૦ | કુલ- અરજી જેમાં રૂ. ૩૩૫૦૦૦/- પેમેન્ટ ગેટ-વે મારફતે પરત ભોગ બનનાર ના એકાઉન્ટમાં જમા કરાવેલ. |

PRESS NOTE

# રાજકોટ શહેર - ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર, કાલાવાડ રોડ, કણકોટ ગામના પાટીયા, પાસેથી પોકેટ કોપ એપ્લીકેશન દ્વારા તથા હ્યુમન રીસોર્સ થી ચોરાઉ ટુ વ્હીલર વાહન હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ-૦૧ જેની કિ.રૂ.૨૫,૦૦૦/- ના મુદામાલ સાથે એક ઇસમને પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૧ શ્રી પ્રવિણકુમાર મીણા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ નાઓએ મીલકત સંબંધી અનડીટેક ગુન્હાઓ શોધી કાઢવા તથા ગુન્હા બનતા અટકાવવા તેમજ શહેર વિસ્તારમાં વાહન ચોરી અટકાવવા તેમજ થયેલ વાહન ચોરી ડીટેકટ કરવા તથા નંબર પ્લેટ વગરના મો.સા.નો ઉપયોગ કરી ચીલ ઝડપુ ગુનેગારો કરતા હોય તેથી તેને અટકાવવા અંગે ખાસ સુચના કરેલ હોય.

➢ જે અન્વયે અમો વી.કે.ગઢવી, પોલીસ ઇન્સપેકટરના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ ડી.સી.બી.પો. સ્ટેશનના પો.સ.ઇ.શ્રી વી.જે.જાડેજા નાઓએ તથા ટીમના માણસોએ સુચના અન્વયે એ.એસ.આઇ.જયેશભાઇ પી. નિમાવત તથા ચેતનસિંહ વી.ચુડાસમાં તથા હિતેન્દ્રસિંહ પી.ઝાલા, તથા પો.કોન્સ.મહેશભાઇ ચાવડા તથા શકિતસિંહ વી. ગોહિલ નાઓ પેટ્રોલીંગમાં હતા

➢ જે દરમ્યાન એ.એસ.આઇ.જયેશભાઇ પી. નિમાવત તથા ચેતનસિંહ વી. ચુડાસમાં નાઓની હકિકત આધારે રાજકોટ શહેરના કાલાવાડ રોડ, કણકોટ ગામના પાટીયા પાસે, એક હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ નંબર પ્લેટ વગરનું કોઇ આધાર પુરાવા વગર પોતાની પાસે રાખેલ હોય જે મોટર સાયકલ બાબતે પોકેટ કોપમાં વાહનની એપ્લીકેશન સર્ચ કરતા સદરહું વાહનના માલીક બીજા હોવાનું જાણવા મળેલ હોય જે વાહન માલીકની તપાસ કરતા માલીકનો સપર્ક થયેલ હોય અને પોતાનું મોટર સાયકલ ચોરી થયેલાનું જણાવેલ હોય જેથી નીચે જણાવેલ મજકુર પાસેથી નીચે મુજબના હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ સાથે પકડી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

| આરોપીનું નામ સરનામું |
|---|
| પારસ સુરેશભાઇ સોલંકી ઉવ.૨૦ ધંધો-કારખાનામાં મજુરી રહે.મુળ- નીકાવા તા.કાલાવાડ જી.જામનગર હાલ રહે.કણકોટ ગામના પાટીયા, ૨૫ વારીયા કવાર્ટર, કાલાવાડ રોડ, રાજકોટ |

-:: વાહનની વિગત:-

| | | | |
|---|---|---|---|
| ૧ | હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ સીલ્વર કલરનું જી.જે.-૧૪ એ.ડી.-૧૫૫૭ | ચેસીસ નંબર- MBLHA10AMDHL72231 | એન્જીન નંબર- HA10EJDHL37191 |

નોંધ:-

➢ પોકેટ કોપ એપ્લીકેશન દ્વારા સદર હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ બાબતે ચેક કરતા સદરહું હોન્ડા સ્પ્લેન્ડર ના માલીક મિલનભાઇ ખીમજીભાઇ રાઠોડ રહે.રામપુર કુકાવાવ વડીયા જી.અમરેલી વાળા હોવાનું જાણવા મળેલ હોય.

➢ જે માલીકનો સંપર્ક કરતા હાલે તેઓ વીરવા મેઇન રોડ, ગોલ્ડન ઇન્ડસ્ટ્રીઝ ગેઇટ નં.-૨,તા.લોધીકા જી.રાજકોટ ખાતે રહેતા હોવાનું જણાવતા હોય અને સદરહું હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ બાબતે તેઓને પુછ-પરછ કરતા તેઓએ જણાવેલ કે ઉપરોકત નંબર વાળુ હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ આશરે ૧૫ થી ૨૦ દિવસ પહેલા ચોરી થયેલાની વિગત જણાવેલ છે.

➢ ઉપરોકત ટુ વ્હીલર વાહન હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ પંચનામાની વિગતે સી.આર.પી.સી.કલમ-૧૦૨ મુજબ કબજે કરેલ તેમજ મજકુર ઇસમને સી.આર.પી.સી. કલમ-૪૧(૧)ડી. મુજબ અટક કરવામા આવેલ છે.

કામગીરી કરનાર અધિકાર /કર્મચારીઓ:-

પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી. કે. ગઢવી, તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી વી.જે.જાડેજા, તથા એ.એસ.આઇ. જયેશભાઇ પી.નિમાવત, ચેતનસિંહ વી.ચુડાસમાં તથા હિતેન્દ્રસિંહ પી.ઝાલા, તથા પો.કોન્સ.મહેશભાઇ બી.ચાવડા તથા શકિતસિંહ વી.ગોહિલ નાઓ ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

તા.૧૭/૦૭/૨૦૨૧

( વી. કે. ગઢવી )
પોલીસ ઇન્સપેકટર
ડી.સી.બી.પો.સ્ટેશન

## પ્રેસનોટ

**RAJKOT CITY CRIME BRANCH**

GUJARAT POLICE

# સવારેના સમયે વૃધ્ધોને ટારગેટ કરી સોનાના ચેઇનની ચીલઝડપ કરનાર ઇસમને હિમત અને સાહસ થી છરી તથા અન્ય મુદામાલ સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર વિસ્તારમાં વ્હેલી સવારે મંદીરે અથવા પક્ષીઓને ચણ નાંખવા તેમજ બાગ બગીચે જતા વૃધ્ધોને ટારગેર કરી વૃધ્ધોએ ગળામાં પહેરેલ સોનાના ચેઇનની ચીલઝડપ કરી એકટીવા ચાલક નાશી જતો હોય જેથી આ બાબતેના બનતા ગુનાઓ અટકાવવા અને બનેલ ગુનાઓ ડીટેકટ કરવા મહે. મનોજ અગ્રવાલ સાહેબ પોલીસ કમિશ્નર રાજકોટ શહેર તથા મહે. ખુરશીદ અહેમદ સાહેબ સંયુકત પોલીસ કમિશ્નર રાજકોટ શહેર તથા મહે. પ્રવિણકુમાર મીણા સા. નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૧ તથા મહે. મનોહરસિંહ જાડેજા સા. નાયબ પોલીસ કમિશ્નર ઝોન-ર તથા મહે. ડી.વી.બસીયા સા. મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ની સુચના અને માર્ગદર્શન આધારે વી.કે.ગઢવી પોલીસ ઇન્સપેકટર ડી.સી.બી. પોલીસ સ્ટેશનના સીધા સુપરવિજન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવી તમામ ટીમોને અલગ અલગ ટાસ્ક આપેલા જેમાં સી.સી.ટી.વી. કેમેરા ચેક કરવા તેમજ વ્હેલી સવારે સોસાયટીઓમાં આવેલા મંદીરોએ દર્શન કરવા આવતા વૃધ્ધો અને ચકલાને ચણ તેમજ ખીસકોલા, કીડીઓને ખોરાક નાંખવા આવતા વૃધ્ધો ઉપર નજર રાખવા તેમજ અગાઉ આવા ગુનાઓમાં પકડાયેલા આરોપીઓને ચેક કરવા વિગેરે કામગીરી સોંપવામાં આવેલ હતી.

તે રીતે ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પો.સબ ઇન્સ. એમ.વી. રબારી અને તેની ટીમને વ્હેલી સવારે ૫/૩૦ વાગ્યાથી માલવીયાનગર અને રાજકોટ તાલુકા વિસ્તારમાં આવેલ સોસાયટીઓમાં વોચ ડીકોય ગોઠવેલી હતી અને પોલીસ ટીમના માણસોને મોર્નીગ વોકના ડ્રેસમાં રાખવામાં આવેલ હતા તે દરમ્યાન પો. સબ ઇન્સ. એમ.વી.રબારીની ટીમના પો.કોન્સ. અશોકભાઇ ડાંગરને સી.સી.ટી.વી. માં ઓળખાયેલ વર્ણન વાળો એકટીવા ચાલક દાગીના પહેરેલ વૃધ્ધો ઉપર નજર નાંખતો કલાક ૦૬/૧૫ વાગ્યે કાલાવાડ રોડ જાનકી પાર્ક મેઇન રોડ ખાતે જોવામાં આવેલ જેથી પો.કોન્સ. અશોકભાઇએ સમય સુચકતા વાપરી તેની નજીક જતા મજકુર આરોપીએ અશોકભાઇને પોલીસ તરીકે ઓળખી લેતા મજકુર નાશવા જતા તેનું મોટર સાઇકલ સ્લીપ થઇ જતા પડી ગયેલ અને પોતે ઉભો થઇ પોતાના નેફામાંથી છરી કાઢી બતાવી નાશવા લાગેલ અને નજીકમાં આવેલ

ટવેન્ટી ટુ યાર્ડ ક્રિકેટ એકેડમીના વિધાર્થીઓ ક્રિકેટ રમતા હોય જેઓ પૈકી વિધાર્થી સિલીન રસીકભાઇ નોંધણવદરા વાળા પાસેથી મોટર સાઇકલ ની ચાવી છરી બતાવી જુંટવી લઇ વિધાર્થીનું યો બાઇક લઇ નાશવા લાગેલ જેથી નજીકમાં રહેલા પો. સબ ઇન્સ. એમ.વી રબારી તથા તેની ટીમના પોલીસ માણસો એ.એસ.આઇ. જયુભા પરમાર તથા એ.એસ.આઇ. પ્રતાપસિંહ ઝાલા તથા પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ ઝાલા તથા પુષ્પરાજસિંહ જાડેજા તથા એભલભાઇ બરાલીયા વિગેરેએ રસ્તામાં કોર્ડન કરી કે.કે.વી. હોલ થઇ ઇન્દીરા સર્કલ તરફ જતા હુન્ડાઇ શો રૂમ ના ખુણા પાસે મજકુર આરોપી યો-બાઇક સાથે ફરી પડી ગયેલ અને જે દરમ્યાન મજકુર ઇસમનો પોલીસ દ્વારા પીછો કરવામાં આવી રહેલ હોય મજકુર ઇસમને બાઇક સાથે કોર્ડન કરવામાં આવેલ પરંતુ મજકુર ઇસમ પડી ગયેલ તે સમયે તેની પાસેની છરી રોડ ઉપર પડી ગયેલ હોય આરોપી તે છરી લેવા ગયેલ અને જો આરોપીના હાથમાં છરી આવીજાય તો પોલીસને કોઇ ઇજા કરવાની પુરેપુરી શકયતા હોય જે સમયે ટીમના પો. કોન્સ. પુષ્પરાજસિંહ જાડેજા જેઓ ફીઝીકલ ફીટ હોય તેમજ નેશનલ હોકીના પ્લેયર તેમજ રાજકોટ શહેર પોલીસ હોકી ટીમના પ્લેટર હોય જેઓએ સમય સુચકતા વાપરી હિંમત અને સાહસ સાથે આરોપીને છરી રોડ ઉપરથી લેતો અટકાવેલ અને તમામ ટીમના માણસોએ મજકુરને યો-બાઇક સાથે પકડી લીધેલ છે જે મજકુરની વિગત નીચે મુજબની છે.

➢ <u>પકડાયેલ આરોપીનું નામ સરનામું -</u>

અજીજ જુસબભાઇ ઉઠાર જાતે કચ્છી સંધી ઉવ. ૪૭ ધંધો બેકાર રહે. બ્લોક નંબર ૫ કવાર્ટર નંબર ૭૦ ચોથો માળ આવાસ યોજના કવાર્ટર પામ સીટીની બાજુમાં સાધુ વાસવાણી રોડ રાજકોટ મુળ રહે. રેલ્વે સ્ટેશન રોડ મહાજન વાડીની બાજુમાં જામ ખંભાળીયા જી. દેવભુમી દ્વારકા

➢ <u>કબજે કરેલ મુદામાલની વિગત -</u>

(૧) સોનાનો ચેઇન નંગ-૧ કિમંત રૂા. ૭૫,૦૦૦/-
(૨) સોનાનો ચેઇન નંગ-૧ કિમંત રૂા. ૮૦,૦૦૦/-
(૩) સોનાનો ચેઇન નંગ-૧ કિમંત રૂા. ૭૦,૦૦૦/-
(૪) મેટલ બ્રાઉન કલરનું એકટીવા મોટર સાઇકલ નંગ-૧ કિમંત રૂા. ૩૦,૦૦૦/-
(૫) યો-બાઇક કિ.રૂ. ૪૦,૦૦૦/-
(૬) છરી નંગ-૧ કિંમત રૂા. ૦૦/-

➢ <u>ડીટેકટ થયેલ ગુનાઓની વિગત -</u>

(૧) ફરીયાદીઃ- અંજનાબેન વા/ઓ અશોકકુમાર નાથાણી જાતે બાર્બર ઉવ. ૫૭ રહે. હંસરાજનગર ડુપ્લેક્ષ મકાન નંબર ૧૨ ચાંમુડા કૃપા રાજકોટ
બનાવઃ- તારીખ ૧૪/૦૭/૨૦૨૧ સવારે ૫/૪૫ વાગ્યે
જગ્યાઃ- પરસાણાનગર પાસે તિરૂપતિ નમકીનની સામે રેલ્વેના નાલા નીચે રાજકોટ
મુદામાલઃ- સોનાનો ચેઇન આશરે દોઢેક તોલાનો

પો. સ્ટે. - પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશન,

(૨) ફરીયાદીઃ- વિનોદભાઇ મનહરલાલ કોટક જાતે લોહાણા ઉવ. ૭૪ રહે. ગાયકવાડી શેરી નંબર ૯/૬ નો ખુણો રાજકોટ

બનાવઃ- તારીખ ૧૩/૦૭/૨૦૨૧ સવારે ૭/30 વાગ્યે

જગ્યાઃ- ગાયકવાડી શેરી નંબર ૯/૬ નો ખુણો રાજકોટ

મુદામાલઃ- સોનાનો ચેઇન આશરે દોઢ થી પોણા બે તોલાનો

પો. સ્ટે. - પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશન,

(૩) ફરીયાદીઃ- ચંદ્રકાંતભાઇ લક્ષ્મણભાઇ પાંઉ ઉવ.૭૦ રહે. તીરૂપતિનગર -૨, રૈયારોડ, રાજકોટ

બનાવઃ- તારીખ ૧૬/૦૭/૨૦૨૧ સવારે ૦૭/૩૦ થી ૮/૦૦ દરમ્યાન

જગ્યાઃ- તીરૂપતિનગર શેરી નં-૨, રૈયારોડ, રાજકોટ

મુદામાલઃ- સોનાનો ચેઇન આશરે ત્રણ તોલાનો

પો. સ્ટે. - ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન

(૪) ફરીયાદીઃ- ઇશાબેન દિનેશભાઇ શર્મા રહે. સખીયાનગર શેરી નં-૧, આર.એમ.સી. નગર, લાભ એક્ઝોટીકા ફ્લેટ, એરપોર્ટ ફાટક પાસે, રાજકોટ

બનાવઃ- તારીખ ૧૫/03/૨૦૨૧ સવારે ૯/૦૦ વાગ્યા આસપાસ

જગ્યાઃ- એરપોર્ટ રોડ, લાભ એક્ઝોટીકા સામે, રાજકોટ

મુદામાલઃ- સોનાનો ચેઇન આશરે એક તોલાનો

પો. સ્ટે. - ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન

(૫) ફરીયાદીઃ- રસીકભાઇ ઉકાભાઇ નોંધણવદરા ઉવ.૪૩ રહે. ન્યુ સુભાષનગર કોઠારીયા મેઇન રોડ, શેરી નં-૨/૫, રાજકોટ

બનાવઃ- તારીખ ૧૭/૦૭/૨૦૨૧ સવારે ૦૬/૪૫ આસપાસ

જગ્યાઃ- કાલાવાડ રોડ, કોટેચા ચોક પાસે પ્રીન્સેસ સ્કુલ ટવેન્ટી ટુ યાર્ડસ ક્રીકેટ એકેડેમી પાસે રાજકોટ

મુદામાલઃ- યો બાઇક કિ.રૂ. ૪૦,૦૦૦/-

પો. સ્ટે. - માલવીયાનગર પોલીસ સ્ટેશન

(૬) ફરીયાદીઃ- મધુબેન વજુભાઇ વાંક ઉવ.૬૨ રહે. શિવરંજની સોસાયટી બેક બોન રેસીડેન્સી પાછળ મોરબી બાયપાસ રોડ, રાજકોટ

બનાવઃ- તારીખ ૧૬/૦૭/૨૦૨૧ સવારે ૦૭/૧૫ આસપાસ

જગ્યાઃ- શિવરંજની સોસાયટી બેક બોન રેસીડેન્સી પાછળ, મોરબી બાયપાસ રોડ, રાજકોટ.

મુદામાલઃ- સોનાનો ચેઇન આશરે દોઢ તોલાનો
પો. સ્ટે. - માલવીયાનગર પોલીસ સ્ટેશન

(૭) ફરીયાદીઃ- અશોકભાઇ ગુણવંતભાઇ ખખ્ખર ઉવ.૬૫ રહે. મેહુલનગર શેરી નં-૨, નિલકંઠ સીનેમા ની પાછળ કોઠારીયા રોડ, રાજકોટ
બનાવઃ- તારીખ ૦૫/૦૭/૨૦૨૧ સવારે ૦૬/૦૦ થી ૦૬/૩૦ દરમ્યાન
જગ્યાઃ- પ્રહલાદપ્લોટ શેરી નં-૨૨, ચિત્રકુટ એપાર્ટમેન્ટ ની નીચે રાજકોટ.
મુદામાલઃ- એકટીવા મો.સા. GJ 03 KE 8920 કિ.રૂ. ૩૦,૦૦૦/-
પો. સ્ટે. - એ. ડીવી. પોલીસ સ્ટેશન

➢ આરોપીએ કબુલાત આપેલ ગુન્હાની વિગત -

(૧) તા.૧૬/૦૭/૨૦૨૧ ના રોજ રૈયારોડ, હનુમાનમઢી ચોક પાસે સવારના મોટી ઉમરના બાપા એ પહેરેલ સોનાના ચેનની ચીલઝડપ કરેલ છે.

(૨) આજથી બે ત્રણ દિવસ પહેલા હંસરાજનગર કે જે જંકશન પ્લોટમાં એક બહેનના સોનાના ચેનની ચીલઝડપ કરેલ.

(૩) આજથી આશેર ચાર પાંચ દિવસ પહેલા ગાયકવાડીમાં જંકશન પ્લોટ શે.નં.પ ની આજુબાજુમાં ૬૦-૬૫ વર્ષ ના વૃધ્ધ વ્યકિતના સોનાના ચેનની ચીલઝડપ કરેલ.

(૪) આજથી આશરે દશેક દિવસ અગાઉ મરૂન કલરનુ એકટીવા રાજશ્રી સિનેમા પાછળની ગલીમાં માં ચાવી સાથે પડેલ હતુ તે ચોરી કરેલ.

(૫) જાગનાથમાં મહાકાળી મંદિર વાળી શેરીમાં આજથી આશરે એકાદ વર્ષ પહેલા એક માજી એ પહેરેલ સોનાના ચેનની ચીલઝડપ કરેલ.

(૬) એકાદ વર્ષ પહેલા ઇમ્પીરયલ હોટલની સામેની ગલીમાં મંદિર પાસેથી એક બહેનાના સોનાના ચેનની ચીલઝડપ કરેલ.

(૭) આજથી આશરે ૧૦-૧૨ મહિના પહેલા રૈયારોડ ઉપર બાપસિતારામ ચોક તરફ વળી અગાળ મ્યુ. ની ઓફીસ છે તેની સામેની ગલીમાંથી એક બહેનાના સોનાના ચેનની ચીલઝડપ કરેલ.

(૮) આજથી આશરે દોઢેક વર્ષ અગાઉ રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશન રોડ ઉપર પોલીસ ચોકીની પાછળના ભાગે આવેલ એરીયામાંથી એક બહેનના સોનાના ચેનની ચીલઝડપ કરેલ.

(૯) આજથી બે-ત્રણેક મહિના પહેલા સવારના આશરે સાત-સાડા સાત વાગ્યે કોટેચા ચોક પહેલાની શેરીમાં એક બહેનના સોનાના ચેનની ચીલઝડપ કરેલ.

(૧૦) આજથી આશરે આઠ-દશ મહિના પહેલા રૈયારોડ ઉપર આવેલ બાપસિતારામ વાળા ચોક આગળ વિક્રમ મારબલ ની સામે ની શેરીમાં સવારના સાત સાડા સાત વાગ્યે એક માજીના સોનાના ચેનની ચીલઝડપ કરેલ

(૧૧) આજથી આશરે દશેક મહિના પહેલા એરપોર્ટ રોડ ઉપર એકપોર્ટ જવાના રસ્તે સર્કલ છે ત્યાં એક માજીએ પહેરેલ સોનાના ચેનની ચીલઝડપ કરેલ.

(૧૨) આજથી આશરે ત્રણેક મહિના પહેલા એરપોર્ટ રોડ ઉપર ફાટક પાસે ગલીમાં એક બહેનના સોનાના ચેનની ચીલઝડપ કરેલ.

➢ ગુનાની મોડસ ઓપરેન્ડી -

મજકુર આરોપીએ આશરે દોઢેક વર્ષ અગાઉ દિલ્હીમાં કોઇ ચીલઝડપનો બનાવ બનેલ હોય જેના સી.સી.ટી.વી. ફુટેજનો વીડીયો વાયરલ થયેલ જે ન્યુઝમાં આવતા આરોપીએ જોયેલ અને ત્યારથી પોતે ચીલઝડપ કરવાનુ શીખેલ હોવાનુ તેમજ અગાઉ પોતે ખંભાળીયા ખાતે ચીલઝડપના ગુન્હામાં પકડાયેલ મજકુર આરોપી અગાઉ ચીલ ઝડપ કરી અને તેમાંથી મળેલ રૂપિયા ખર્ચ થાય બાદ પોતે અન્ય ચીલઝડપ કરતો પરંતુ હાલ પોતાને રિક્ષા ખરીદ કરવાની હોય જેથી તેના રૂપિયા એકઠા કરવા મજકુર આરોપી ચોરીનું એકટીવા મોટર સાઇકલ લઇને રાજકોટમાં વ્હેલી સવારે મંદીરે જતા તેમજ પક્ષીઓને ચણ નાંખવા જતા મહીલા/પુરૂષ વૃધ્ધોને ટારગેટ કરી તેની નજીક જઇ વૃધ્ધએ ગળામાં પહેરેલ સોનાનો ચેઇનની ચીલ ઝડપ કરી નાશી જતો તેમજ ચોરીમાં મળેલ દાગીના મજકુર સ્મોલ ફાઇનાન્સ બેંકમાં ગીરો મુકી તેનાપર લોન મેળવી રૂપિયા લઇલેતો અને થોડા સમય બાદ ગીરો મુકેલ દાગીના છોડાવી દાગીના ખરીદનાર પાસે દાગીના વેચી દેવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે.

➢ ગુન્હો કર્યા બાદની વર્તણુંક -

આ કામનો આરોપી ચીલ ઝડપ કરી નાશી જતો અને આગળ જઇ અને પોતે જે શર્ટ કે ટી-શર્ટ પહેરેલ હોય તે પોતાના વાહનની ડીકીમાં મુકી ડીકીમાં અન્ય શર્ટ તથા ટોપી રાખતો જે શર્ટ બદલાવી માથે ટોપી પહેરી પોતાની ઓળખ છુપાવતો.

➢ કામગીરી કરનાર અધિકારી /કર્મચારીઓ-

શ્રી. વી.કે. ગઢવી પોલીસ ઇન્સપેકટર, પો.સબ ઇન્સ. એમ.વી.રબારી, એ.એસ.આઇ. જયુભા પરમાર, પ્રતાપસિંહ ઝાલા, દિગ્વિજયસિંહ જાડેજા, પો. હેડ કોન્સ. હરદેવસિંહ જાડેજા, પો.કોન્સ. અશોકભાઇ ડાંગર, પુષ્પરાજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, એભલભાઇ બરાલીયા

➢ ઇનામ -

સદરહુ કામગીરી કરનાર ટીમના પો. સબ ઇન્સ. એમ.વી.રબારી, એ.એસ.આઇ. જયેન્દ્રસિંહ મહોબતસિંહ પરમાર, એ.એસ.આઇ. પ્રતાપસિંહ દૈવતસિંહ ઝાલા, પો. કોન્સ. અશોકભાઇ સવજીભાઇ ડાંગર, પો. કોન્સ. પુષ્પરાજસિંહ હીતેન્દ્રસિંહ જાડેજા, પો. કોન્સ. ધર્મેન્દ્રસિંહ હરીશચંદ્રસિંહ ઝાલા જેઓએ સમય સુચકતા વાપરી હિમત અને સાહસ સાથે ફીલ્મી ઢબે આરોપીનો પીછો કરી પકડી પાડેલ હોય જેથી રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ દ્વારા પ્રશંસાપત્ર આપી સન્માનીત કરી પ્રોત્સાહીત કરવામાં આવેલ છે તેમજ ટીમના અધિકારી /કર્મચારીઓને પ્રોત્સાહન મળે તે માટે રૂ.૧૫,૦૦૦/- નુ ઇનામ જાહેર કરેલ છે.

તારીખ ૧૭/૦૭/૨૦૨૧

## પ્રેસનોટ

# RAJKOT CITY CRIME BRANCH

## ચોરી કરી મેળવેલ બુલેટ મો.સા. સાથે બે ઇસમ ને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રવિણકુમાર મીણા સાહેબ ઝોન-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ઝોન-૨ દ્વારા મીલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ અનડીટેકટ ગુન્હાઓ શોધીકાઢવા અસરકારક કામગીરી કરવા સુચના આપેલ જે અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ તથા ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર વી.કે.ગઢવી ના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ. બલભદ્રસિંહ જે. જાડેજા, પો. હેડ કોન્સ. મહિપાલસિંહ ડી. ઝાલા, પો. કોન્સ. ચેતનસિંહ આર. ગોહિલ નાઓ રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એ.એસ.આઇ. બલભદ્રસિંહ જે.જાડેજા તથા પો. હેડ કોન્સ. મહીપાલસિંહ ડી.ઝાલા તથા પો. કોન્સ. ચેતનસિંહ આર. ગોહિલ નાઓની સયુંકત હકીકત આધારે, જામનગર રોડ, રેલનગર અન્ડરબ્રીજ તરફ જતા રોડ ખાતેથી.

<u>આરોપી -</u>

(૧) સોહીલ જુમાભાઇ જાફરાણી સંધી ઉવ.૨૧ રહે. રૈયાગામ ખોડિયારપરા સ્મશાનની સામે, તા.જી. રાજકોટ

(૨) આશીષ અરવિંદભાઇ ગોહેલ કુંભાર ઉવ.૨૨ રહે. રેલનગર ચંદ્રશેખર આઝાદ ટાઉનસીપ બ્લોક નં- એલ-૩૩, રાજકોટ

ઉપરીકત ઇસમો પાસેથી એક કાળા કલરનુ બુલેટ મો.સા. નંબર પ્લેટ વગરનુ મળી આવતા જે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કિ.રૂ. ૧,૫૦,૦૦૦/- ગણી કબજે કરી મજકુર ઇસમોને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરવામા આવેલ છે.

સદરહુ મો.સા. ના એન્જીન નંબર તથા ચેસીસ નંબર આધારે તપાસ કરતા સદરહુ મો.સા. ના નંબર જી.જે. ૦૩ એમ.એ. ૦૨૩૮ ના હોય અને જે મો.સા. મજકુર ઇસમોએ આઠેક દિવસ અગાઉ રાત્રીના સમયે ગોપાલ ચોક આગળથી પોતાના મિત્ર અંકુર સાથે મળી ત્રણેય ઇસમોએ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા જે બાબતે ખરાઇ કરતા રાજકોટ શહેર ગાંધીગ્રામ-૨ (યુનિ) પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૨૦૮૦૦૩૨૧૩૫૦૨ /૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ દાખલ થયેલ હોય જે બાબતે આગળની કાર્યવાહી ચાલુમાં છે.

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી-</u>

પોલીસ ઇન્સ્પેકટર વી.કે.ગઢવી, એ.એસ.આઇ. બલભદ્રસિંહ જે. જાડેજા, પો. હેડ કોન્સ. મહીપાલસિંહ ડી. ઝાલા, પો. કોન્સ. ચેતનસિંહ આર. ગોહિલ નાઓ દ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

સ્થળ - રાજકોટ શહેર.

તા.૨૦/૦૭/૨૦૨૧

PRESS NOTE

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

RAJKOT CITY CRIME BRANCH

## પોકેટ કોપ એપ્લીકેશનની મદદથી અગાઉ ઘરફોડ ચોરી તથા વાહન ચોરીમા પકડાયેલ આરોપીઓને ચોરીના વાહન સાથે પકડી પાડી વાહન ચોરી નો ગુન્હો ડીટેકટ કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

રાજકોટ શહેર મ્હે.પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૧ શ્રી પ્રવિણ કુમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ નાઓ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમા અસરકારક પેટ્રોલીંગ કરી વાહન ચોરી તથા ઘરફોડ ચોરીના ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ અગાઉ પકડાયેલ ચોરીના આરોપીઓને પોકેટકોપ એપ્લીકેશન મારફતે સમાંયતરે ચેક કરવા અને તેઓની ગતિવીધિ પર વોચ રાખી ગુન્હા બનતા અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અન્વયે પરિણામલક્ષી કામગીરી કરવા એ.સી.પી.ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ, પોલીસ ઇન્સપેક્ટર વી.કે.ગઢવી નાઓના સીધા માર્ગદર્શન અને સુચના હેઠળ પી.સબ.ઇન્સ.યુ.બી.જોગરાણા તથા ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા. દરમ્યાન કરેલ સુચના અન્વયે રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે.ના ASI સી.એમ.ચાવડા તથા PC કરણભાઇ મારૂ નાઓને મળેલ હકીકતના આધારે નીચે જણાવેલ ઇસમોને ચોરીના એક્ટીવા મોટર સાયકલ સાથે જુના માર્કેટીંગ યાર્ડ પાસે સર્વીસ રોડ ઉપર થી પકડી પાડી રાજકોટ શહેર પ્ર.નગર પો.સ્ટે.૧૧૨૦૮૦૪૪૨૧ ૩૪૫૪/૨૦૨૧ IPC-૩૭૯ મુજબનો ગુન્હો ડીટેકટ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ પકડાયેલ આરોપી:-

(૧) ગૌતમ ભરતભાઇ મેવાડા જાતે. સલાટ ઉ.વ.૨૦ રહે. ગોકુલનગર શેરી નં. ૧ સંતકબીર રોડ ભાડેથી રાજકોટ

(૨) સલીમ ઉર્ફે જુગો ગફારભાઇ ઠેબા જાતે. મુસ્લીમ સંધી ઉ.વ. ૨૦ રહે. આકાશદીપ સોસાયટી શેરી નં. ૯ સંતકબીર રોડ ભાડેથી રાજકોટ

➢ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ મુદામાલ-

(૧) સીલ્વર કલરનુ એકટીવા મોટર સાયકલ નંબર પ્લેટ વગરનુ કી.રૂ.૨૫,૦૦૦/- નો મુદામાલ તપાસ અર્થે કબ્જે કરવામા આવેલ છે.

➢ ગૌતમ ભરતભાઇ મેવાડા વાળા નો ગુન્હાહીત પુર્વ ઇતીહાસ

(૧) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૬૬/૨૦૧૬ IPC કલમ – ૪૫૪,૪૫૭,૩૮૦

(૨) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૧૨૦ ૨૬૦૦/૨૦૨૦ IPC કલમ – ૧૮૮

➢ સલીમ ઉર્ફે જુગો ગફારભાઇ ઠેબા વાળા નો ગુન્હાહીત પુર્વ ઇતીહાસ

(૧) રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૬૨૦ ૧૨૪૪/૨૦૨૦ IPC કલમ – ૩૬૬,૩૬૪, ૫૦૬(૨), ૧૩૦,૧૧૪

(૨) જામનગર શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૨૨/૨૦૧૮ પ્રોહી કલમ – ૬૬(૧)બી, ૮૫

(૩) જામનગર શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૯૨૦ ૧૨૬૧/૨૦૨ IPC કલમ – ૩૭૯

➢ કામગીરી કરનાર અધિ.તથા કર્મચારી.

➢ પી.ઇન્સ.વી.કે.ગઢવી તથા પી.સબ.ઇન્સ.યુ.બી.જોગરાણા તથા સી.એમ.ચાવડા ASI તથા બી.આર.ગઢવી તથા જે.વી.ગોહિલ તથા HC અભિજીતસિંહ જાડેજા તથા પ્રદીપસિંહ જાડેજા તથા ભાવિનભાઇ રતન તથા PC ઇન્દ્રજીતસિંહ ગોહીલ તથા કરણભાઇ મારૂ નાઓ દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.૧૬/૦૭/૨૦૨૧